
Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી આત્માનંદ પ્રકાશ



ખાવું, પીવું, હરવું, ફરવું, સુવું, જાગવું ને વદવું,
સર્વ ક્રિયા કરતા પહેલાં, પાપ વિકારોથી ડરવું;
છતાં થાય ગફલત જે કાંઇ, તે ક્ષમા માંગી હળવા થઇએ,
સર્વ ક્ષેત્રમાં રહીએ તો પણ, આતમભાન ન વિસરીએ.


| | | |
|---|---|---|
| પુસ્તક : ૯૧ | ફાગણ | આત્મ સંવત : ૯૮ |
| 卐 | 卐 | વીર સંવત : ૨૫૨૦ |
| અંક : ૫ | એપ્રીલ-૯૪ | વિક્રમ સંવત : ૨૦૫૦ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અ નુ ક્ર મ ણિ કા


| ક્રમ | લેખ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧ | પ્રભુ મહાવીરસ્વામીનું સ્તવન | હિંમતલાલ અનોપચંદ–મોતીવાળા | ૩૩ |
| ૨ | મહેમાન ગયા.... | પૂ. શ્રી રાજકીર્તિસાગરજી મહારાજ સાહેબ | ૩૪ |
| ૩ | કેટલાક ત્યાજ્ય નિર્દય શોખ | ડૉ. ધ. રા. ગાલા | ૩૬ |
| ૪ | સોનાની જીભ | મુનિ શ્રી વાત્સલ્યદીપ | ૩૭ |
| ૫ | શ્રી વીરચંદ ગાંધી : ત્યારે અને અત્યારે ! | કુમારપાળ દેસાઇ | ૪૦ |
| ૬ | સંથારો એક અભિગમ | અરૂણભાઇ જોષી ( પ્રાધ્યાપક ) | ૪૩ |
| ૭ | ફાગણ અને ચૈત્ર માસના ભગવાનના કલ્યાણક પર્વ દિવસો | — | ૪૫ |


**શ્રી જૈન આત્માનંદ સભાના માનવંતા નવા પેટ્રન સભ્યશ્રીને સહર્ષ આવકાર**

| | | |
|---|---|---|
| ૧ | શ્રી નિરંજનભાઇ ખાન્તિલાલ વોરા | ભાવનગર |
| ૨ | ,, શાંતિલાલ ફતેચંદભાઈ શાહ (કાપડીયા) | ભાવનગર |
| ૩ | ,, ભાનુચન્દ્ર દલીચંદભાઈ શાહ | મુંબઇ |
| ૪ | ,, રાજેન્દ્રકુમાર નવિનચન્દ્ર સંઘવા | મુંબઈ |
| ૫ | ,, લહેરચંદભાઈ દલીચંદભાઇ શાહ | ભાવનગર |
| ૬ | ,, મહાસુખરાય ખીમચંદભાઇ શાહ ( બારદાનવાળા ) | ભાવનગર |
| ૭ | ,, સતીષકુમાર માણેકચંદ જૈન | ન્યુ દીલ્હી |
| ૮ | ,, દેવસીંગ કોચરના સુપુત્ર બંસીલાલ | અમૃતસર |
| ૯ | ,, રઘુવીરકુમાર c/o. લાલસન્સ એન્જી. વર્કસ–જલંધરસીટી | પંજાબ |
| ૧૦ | ,, કુમારપાળ જૈન | ન્યુ દીલ્હી |

( અનુસંધાન ટાઇટલ પેઇજ ૩ ઉપર )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

સંપાદક : **શ્રી હિંમતલાલ અનોપચંદ** મોતીવાળા





આચાર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરિજી
- મહારાજરચિત -

## પ્રભુ મહાવીરસ્વામી સ્તવન

( રાગ માલકોશ )

પ્રભુ વીર જિનંદ દયાલ લાલ, મુજ નજરે ભાલ મે હોવું નિહાલ,
કાલ અનંત ગયો મુજ સ્વામી, લાલ ન મિલિયો અંતરજામી;
કર કરુણા મુજ નજર નિહાલ. ॥ પ્ર૦ ॥ ( ૧ )

એકેન્દ્રિ બેઇન્દ્રિ ભમિયો, તેઇન્દ્રિ ચઉરિન્દ્રિ રૂલિયો;
જહાં હુવો મે હાલ બેહાલ. ॥ પ્ર૦ ॥ ( ૨ )

પુણ્ય ઉદય પંચેન્દ્રિ પાયો, મિથ્યાત્વમે સમય ગુમાયો;
કીનો નહી જરા તુમરો ખ્યાલ. ॥ પ્ર૦ ॥ ( ૩ )

જિમ તિમ કરી ગુરુદેવ પિછાણ્યો, ધરમારાધન મે ચિત્ત આણ્યો;
કીજે સહાય કિંચિત કૃપાલ, ॥ પ્ર૦ ॥ ( ૪ )

સ્વધર્મે નિધનં શ્રેય જાણે, ભયાવહ પરધર્મ કો માને;
તૂટે તબ સબ કર્મજાલ. ॥ પ્ર૦ ॥ ( ૫ )


આતમ લક્ષ્મી હર્ષ મનાવે, પર ઘર છોર નિજ ઘરમે આવે;
લેવે વલ્લભ નિજ લાલ સંભાલ. ॥ પ્ર૦ ॥ ( ૬ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# મહેમાન ગયા



પૂ. રાજકીર્તિસાગરજી મ. સા.

પૂજ્ય પન્યાસપ્રવર શ્રી વીરવિજયજી મહારાજનું નામ કોણ જાણતું નહિ હોય! ગુજરાતમાં જે વખતે નરસિંહ મહેતા, મીરાંબાઇ વગેરે થયા. તેમના ભજનો, પદો દ્વારા લોકો ભક્તિરસમાં તરબોળ બન્યા. તેમના સમકાલીન પૂજ્ય આનંદઘનજી મહારાજ, પૂજ્ય દેવચંદજી મહારાજ.

પૂજ્ય વીરવિજયજી મહારાજ, મહોપાધ્યાય શ્રીવિનયવિજયજી મહારાજ, ઉપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજ આદિએ જિનશાસન ભક્તિ માટે પૂજા ઢાળ, સજ્જાયો, સ્તવનો રચી જૈનશાસનની પરંપરા જાળવી રાખી હતી. લોકભાષામાં છંદ, અલંકારોથી વિભૂષિત સાહિત્ય સમાજમાં ખૂબ જ લોકપ્રિય બન્યું હતું. પૂજ્ય આનંદઘનજીના પદો તો આજે પણ એટલા જ લોકપ્રિય છે.

એક વખતની વાત છે.

પૂજ્ય વીરવિજયજી મહારાજનું ચાતુર્માસ રાજનગર ભઠ્ઠીની બારીએ હતું. રાજનગર ધર્મમય નગરી હતી. પ્રેમાભાઇ તે કાળે નગરશેઠ હતા.

શ્રાવકે નિત્ય પરમાત્માની પૂજા કરવી જોઇએ, એ રીતે ભગવાનની વાણીનું અમૃતપાન પણ રોજ કરવું જોઇએ. નગરશેઠ આ વાત માનતા હતા તેથી નિત્ય વ્યાખ્યાન શ્રવણ કરવા જતા હતા. પૂજ્ય ગુરુદેવની મંગલમય વાણી સાંભળી શ્રોતાજનો, મદારીની મોરલીના નાદે ફણીધર નાગ ડોલવા લાગે તેમ સ્થળ, કાળ ભૂલી ડોલવા લાગતાં. લોકોની ભારે ઠઠ જામે. વ્યાખ્યાન સાંભળ્યા વિના શેઠને એકે દિવસ ચેન પડતું નહિ. ગમે તેવા અગત્યના કામ હોય તો તે પડતા મૂકીને વ્યાખ્યાન સાંભળવા આવે જ. વ્યાખ્યાન શરુ થતાં પહેલાં દસ મિનિટ વહેલા શેઠ આવે. દરેક સાધુ મહારાજને સુખશાતા પૂછી વંદના કરે.

એક દિવસની વાત છે.

વ્યાખ્યાનનો સમય થઇ ગયો છતાં શેઠ આવ્યા નહોતા. કોઈ દિવસ નહિ અને આજે આમ કેમ બન્યું હશે? ગુરુદેવને આશ્ચર્ય થયું. દસ પંદર મિનિટ વ્યતીત થયા પછી શેઠનું આગમન થયું. કોઇને અંતરાય ન પડે એ રીતે આવીને શેઠ બોલ્યા વિના બેસી ગયા, અને ભગવાનની વાણી સાંભળવામાં તદાકાર બની ગયાં. વ્યાખ્યાનની પૂર્ણાહુતિ બાદ ગુરુદેવશ્રીની નજર શેઠ ઉપર પડી અને તેઓ નજીક આવ્યા એટલે સહજ પૂછયું: આજે ગાડી મોડી કેમ પડી?

'સાહેબ, ઘરે મહેમાન આવ્યા હતા તેમને મૂકવા ગયો હતો તેથી મોડું થયું.'

'અરે શેઠજી! તમે તો આવું કરો જ નહિ. ગમે તેવું અગત્યનું કામ હોય તો પણ પડતું મૂકીને વ્યાખ્યાનમાં આવો જ. એવા તો કેવા મહેમાન હતા કે મોડું થયું.'

'સાહેબ! આ તો ઘરના અંગત મહેમાન હતા.' બાજુમાં ઊભેલા શ્રાવકે કહ્યું સાહેબ! શેઠની વાત આપણને સમજાઇ નથી. તેમનો એકનો એક દીકરો ભર-યુવાનીમાં વિદાય થયો છે, વ્યવહાર સાચવવા તેઓ સ્મશાને ગયા હતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ત્યાંથી જ પ્રભુવાણી સાંભળવા અહીં આવ્યા છે.

આ વાત સાંભળીને ગુરુદેવ તાજુબ થઇ ગયા. શેઠની પીઠ થાબડીને ગુરૂદેવે કહ્યું : શેઠ ! તમે તો ખરેખર કમાલ કરી. અમે તો ફક્ત વ્યાખ્યાન જ આપીએ છીએ પણ તમે તો ભગવાનની વાણી હૃદયમાં ઉતારી જીવનમાં પચાવી છે. ધન્ય છે આવા નિસ્પૃહી શ્રાવકોને !

સાધુ બનવાના ધ્યેયે આવા ચુસ્ત શ્રાવક બની જાય તો પણ તમારો આધ્યાત્મિક વિકાસ જરૂર થાય. પોતાનો એકનો એક દીકરો ભર યુવાન વયે ફાની દુનિયા છોડી ગયો હોવા છતાં શેઠના મુખ ઉપર લવલેશ ચિંતાની. દુઃખની રેખા તરવરી નહિ, તે શું ઓછી સિદ્ધિ કહેવાય !

આ દેહ જડ એવા પુદ્ગલનું મંદિર છે. અનેક અવગુણોનું ધામ છે. મહાદુઃખોથી ભરેલો છે. હે મૂઢ મનવાળા માનવી ! તું ભૂલમાં કેમ પડી ગયો છે ? આત્માને વિસારી પુદ્ગલની છાયા જેવી કાયામાં શું લાગી રહ્યો છે. તેમાં તારું કિંચિત સ્વરૂપ નથી. હે ચેતનમય જીવ ! તું અંતરમાં દૃષ્ટિ કર, કાયાની માયા છોડી દે.

અહીં આપણા સ્વાતંત્ર્ય સંગ્રામના એક માર્મિક પ્રસંગનું સહજ ભાવે સ્મરણ થાય છે. ભારતની સ્વતંત્રતાની લડતના જનક લોકમાન્ય તિલકના ‘કેસરી’ અને ‘મરાઠા’ વર્તમાન પત્રોના અગ્રલેખો વાંચીને લોકો પોતાનો દૈનિક કાર્યક્રમ નક્કી કરતા હતા. એક વખત રાત્રિના સાડા અગિયાર વાગ્યે તિલક મહારાજ ‘કેસરી’ અખબારનો અગ્રલેખ તૈયાર કરતા હતા. એવામાં ઘેરથી એક નોકર દોડતો આવ્યો અને તિલક મહારાજને કહ્યું. “આપ જલદી ઘેર ચાલો, આપનો નાનો દીકરો મૃત્યુ પામ્યો છે.” “તેને સ્મશાનમાં લઇ જવાની તૈયારી કરો. હું હમણા આવું છું.” ‘કેસરી’ અખબારનો અગ્રલેખ પૂરો કરી તિલક ઘેર આવ્યા અને પુત્રના શબ પાસે બેસી ધ્રૂસકે ધ્રૂસકે રડ્યા.

આનો અર્થ આ નથી કે તેને પુત્ર વહાલો નહોતો, પરંતુ પુત્ર કરતાં તેને પોતાનું કર્તવ્ય વહાલું હતું. કર્તવ્ય એ જ તો પૂજા છે ને !

卐

## ભૂલી જવું

( પુનઃમુદ્રણ )

દુનિયામહીં વાતો ઘણી, ભૂલી જવી મુશ્કેલ છે;
લાગ્યો હૃદયમાં ડંખ તે, વિસરી જવો મુશ્કેલ છે.
ભૂલી જવો મુશ્કેલ છે, અન્યના અપકારને;
ભૂલી જવું મુશ્કેલ છે, આપણા અપમાનને.
ભૂલી જવા મુશ્કેલ છે, વચન કડવાં ઝેરને;
ભૂલી જવા મુશ્કેલ છે, વિરોધીઓનાં વેરને.
ચાહો પરંતુ જો તમે, દુનિયામહીં શાન્તિ અને;
ચાહો તમારા જીવનમાં, શાન્તિ અને આનંદને.
દુનિયામહીં તો એ બધું, ભૂલી જવામાં માલ છે;
ભૂલી જતાં, તે, શીખવું, એ એક આશીર્વાદ છે.

અનંતરાય જાદવજી શાહ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# કેટલાક ત્યાજ્ય નિર્દય શોખ

ડૉ. ધ. રા. ગાલા

આજકાલ એક નવો શોખ પણ કેટલાંક ઘરોમાં જોવામાં આવે છે. એ છે ઘરોમાં માછલીઘર રાખવાનો....માછલી પણ અન્નાહારી અને માંસાહારી પ્રાણી છે. તેઓના ખોરાક માટે જીવતા કીડાઓનાં પેકેટ લાવીને ખવડાવતાં અમે જોયાં છે. કેટલાંક કહે છે કે અમે તો પાંઉનો ભૂકો વગેરે અન્નનો ખોરાક આપીએ છીએ. તે આપી શકાય. મમરા વગેરે માછલીઓ અવશ્ય ખાય છે, પણ એ તો તળાવમાં કે નદીઓમાં. ત્યાં માછલીઓ મુક્ત વિહારી છે. તેઓને બીજો ખોરાક-નાના જીવો વગેરે મળી રહે છે. પરંતુ આપણાં ઘરોની પેટીઓમાં જો ફક્ત અન્નાહાર આપીએ તો લાંબા વખત સુધી માછલી સ્વસ્થ જીવી શકે નહિ એવું કહી શકાય. એ શોખ તો જતો જ કરવો રહ્યો.

આજે ઘણાં ઘરોમાં કૂતરાં પાળવામાં આવે છે. કૂતરું અન્નાહારી અને માંસાહારી પ્રાણી છે. તેઓને સારા અને સશક્ત રાખવા માટે જીવ-હિંસાના ભોગે પણ આપણામાંના ઘણાં માંસાહાર કરાવે છે. એ લોકો સોયાબીનમાંથી બનતો વનસ્પતિ આહાર-સોયામીટ આપે તો માંસાહારની જરૂર ના રહે.

એ જ રીતે કેટલાંક ઘરોમાં પાંજરાંઓમાં પક્ષીઓ પાળવામાં આવે છે. જીવતાં પક્ષીઓને કાયમની જન્મટીપની સજા કરવી એ ખરેખર દુઃખની વાત છે ને એ એક પ્રકારની નિર્દયતા જ છે.

તે ઉપરાંત એક બીજો ભયંકર તજવા જેવો શોખ છે; અને તે છે આતશબાજી, દારૂખાનું ફોડવાનો. તે ફોડવાથી કોઇ ફાયદો તો થતો જ નથી. ઘણી વખત ફોડનારા મુસીબતમાં મુકાઈ જાય છે. કેટલાયને આંધળા થતા જોયા છે, બહેરા થતા જોયા છે, ભયંકર રીતે દાઝી ગયા હોય એવું જાણ્યું અને જોયું છે, કાયમ અપંગ થતા ને જાન ગુમાવવાના પણ ઘણા કિસ્સા સાંભળ્યા છે, મોટી મોટી મિલ્કતોનો નાશ થતો જોયો છે. એવા દ્રશ્યો ખરેખર કરુણાજનક છે. હજુ આગળ ચાલીએ તો દારૂખાનાના ઝેરી ધુમાડા અને તીવ્ર વાસથી અતિ મોટા પ્રમાણમાં નાનાં જીવડાં અને વાતાવરણની સૂક્ષ્મ જીવાતોનો ભોગ લેવાય છે.

આ બધાં પાપો જેવાં તેવાં નથી. આપણને કરુણા ઉત્પન્ન થવી જોઈએ. અંતરમાં કરુણા જાગશે તો આપણે મોટાં પાપો કરવામાંથી વિમુક્ત રહી શકીશું. 卐

---

માણસાઇ વિનાનો કોઇ વકીલ

સમાજમાં ન્યાય અને નીતિનું સમર્થન અને સંરક્ષણ કરવાને બદલે

સ્વાર્થાંધ બનીને દુર્જનોને રક્ષણ આપે અને સજ્જનોનું શોષણ થવા દે....

નિર્દોષને ફાંસીએ ચડાવે અને ખુનીને નિર્દોષ છોડાવે....

તો એને સત્ય અને ન્યાયનો રક્ષક માનવો કે ભક્ષક ?....

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# સોનાની જીભ

-મુનિશ્રી વાત્સલ્યદીપ



ઈન્દ્રના ઐશ્વરને શરમાવે તેવી નગરી.

નામે રાજગૃહી.

રાજગૃહીમાં બે ભાઈઓ વસે, ધનસાર અને ગુણસાર.

બન્ને ભાઈઓ સંપીને રહે. સંપત્તિથી એ છલકતા હતા. ધનસારને સુશીલ અને સંસ્કારવતી પત્ની મળેલી. એના સંસ્કારની સૌરભથી રાજગૃહી એને પિછાણતું થઈ ગયેલું. ધનસાર જીવનથી સંતુષ્ટ રહેતો હતો.

ગુણસારની પત્ની કલેશ-કજિયો કરવામાં કશું બાકી ન રાખે. દુરાચારી પણ એવી જ. શોખ તો એટલા ને એવા કે વાત ન પૂછો! એના કલેશ ભરેલા સ્વભાવથી કંટાળીને ગુણસાર ને ધનસાર જુદા થઇ ગયા. ગુણસાર અલગ તો થયો પણ એની સંપત્તિ પ્રતિદિન ક્ષીણ થવા લાગી. એનું ઐશ્વર્ય અસ્ત ભણી વળ્યું.

ધનસારને એવું નહોતું.

પરિવાર સંસ્કારી હોય તે પણ સૌભાગ્યની નિશાની છે. ધનસાર આનંદથી રહેતો હતો. એને ત્યાં ધનશ્રી અને સંસ્કારશ્રીએ વાસ કર્યો હતો. એને હવે કોઇ દુઃખ કે ચિંતા લાગતાં ન હતાં. કિંતુ એક દિવસ એવો ઊગ્યો, જેમાં ધનસાર ચિંતામાં ડૂબી ગયો. એને ધન કયાંથી લાવવું ને ઇજ્જત કેમ સાચવી રાખવી તેની મૂંઝવણ થઇ ગઇ !

રાજગૃહી નગરીમાં એક દિવસ કેટલાક સલાટો આવી ચડ્યા. એ ઉત્તમ કલાકારો હતા. પથ્થરોમાં એમનું ટાંકણું ફરે અને અદ્ભુત કલાકૃતિ ખડી થઇ જાય. એ કલાકૃતિઓ અનુપમ હોય, કોઇ પ્રભુની પ્રતિમા બનાવે ને કોઈ નૃત્યાંગનાની મૂર્તિ સર્જે. એ એવી તો સુંદર હોય કે માત્ર તેમાં પ્રાણ મૂકવાના જ બાકી રહે !

એ બધા નગરમાં ફરતા હતા. એ ધંધાર્થે નીકળ્યા હતા. કોઈ મહાલય બનાવે કે કોઇ મંદિર બનાવડાવે તો તેમને કામ મળે, દામ મળે, ફરતા ફરતા એ ગુણસારના ઘર સમીપ પહોંચ્યા, ગુણસારની પત્ની ત્યાં જ ઊભેલી, એ સોળે શણગાર સજી-ધજી ને ખડી હતી. સલાટોને થયું કે આ સ્રીને પૂછયું હોય તો કયાંક કંઇક કામ મળે.

સલાટોએ પૂછયું :

'બહેન, અમે કલાકારો છીએ. કોઈ નૃત્યના જાણકાર હોય, કોઈ સંગીતના નિષ્ણાત હોય, અમે પથ્થરના ઘડવૈયા છીએ. આ નગરીમાં કોઈ ભવન કે મંદિર ચણાવે તેવું છે કે ?

ગુણસારની પત્નીની આંખો ચમકી. એણે કહ્યું :

'એમ ? તમે મંદિર કે સ્થાપત્યના સર્જક છો ? તો તો મારા જેઠજી મહિનાઓથી એવા જ માણસોની શોધમાં છે ! એ તો મંદિર ચણાવવાની ભાવનાવાળા છે. પણ ભાઈ, આજકાલ કારીગરો કયાં મળે છે ? તમે જલ્દી જાવ. તમને ખૂબ કામ મળશે ને દામ મળશે, સાત પેઢીનું દળદર ફાટી જશે ! જાવ જલ્દી. વિલંબ ન કરો !'

બિચારા સલાટ લોકો !

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનસાર તો આવું કાંઇ કયાં કરાવવાનો હતો? સલાટો તેમને ત્યાં પહોંચ્યા ત્યારે તે ઘરે નહોતો. તેની પત્નીએ સઘળી વાતો સાંભળી ત્યારે તે વિચારમાં ડૂબી ગઇ!

કિન્તુ એ શાણી ગૃહિણી હતી. એણે સલાટોનું અપમાન કરીને કાઢી ન મૂકયા, સાચવીને બેસાડ્યા.

ધનસાર આવ્યો અને સઘળી વાતો સાંભળીને મનોમન ખિન્ન થઇ ગયો. નાનાભાઇની પત્નીનો સ્વભાવ કેવો છે! એ આમને આમ નિર્દોષ લોકોને શા માટે રંજાડતી હશે?

એણે સલાટો સામે જોયું. એ બધા કેવી અપેક્ષાથી આવ્યા હતા!

એણે પત્ની સાથે વિચાર કરીને નિર્ણય લીધો. રાજગૃહીમાં એક જિનમંદિર હતું. પ્રાચિન જિનાલય હતું. એ હવે જિર્ણ થયું હતું. એ મંદિરના ઉદ્ધારની આવશ્યકતા હતી. એણે એ પ્રાચીન જિનાલયના પુનરોદ્ધારનો વિચાર કર્યો પરંતુ સલાટો સાથે કેટલું દ્રવ્ય ખર્ચાશે તેની વાત થઇ ત્યારે તે ખચકાયો. સલાટો તો એક કોટી દ્રવ્ય કહેતા હતા! એટલું એની પાસે કયાં હતું? ધનસાર પળવાર ખચકાયો ને પછી તે સ્વસ્થ બની ગયો.

એણે પત્નીને કહ્યું :

પ્રિયે! આપણું જે દ્રવ્ય છે તે હું તને સોંપું છું. તું જૈન ચૈત્યના ઉદ્ધારનું કાર્ય કરાવતી રહેજે. એટલી વારમાં હું પરદેશથી નવું ધનોપાર્જન કરીને આવી પહોંચીશ પરમાત્માની ભક્તિનો આવો અપૂર્વ અવસર ફરી કયાં મળવાનો હતો?

'તમે વિદેશ જશો?' પત્ની ચિંતિત થઈ ગઇ.

'હા, ને પ્રભુની કૃપા ને તારી શુભભાવનાથી ધન કમાઇને તરત પાછો આવીશ. તું ચિંતા ન કર.'

'ભલે' પત્ની ભાવદ્ર બની ગઇ.

જિનમંદિરના ઉદ્ધારનો કાર્યારંભ કરાવીને ધનસાર ચાલી નીકળ્યો. એના અંતરમાં ભાવનાનો સમુદ્ર હિલોળાતો હતો!

કેટલાક જોજન કાપ્યા પછી ધનસારને એક યોગી મળી ગયો.

યોગી પ્રભાવશાળી દેખાતો હતો. એની મુખમુદ્રા ઉપર જ્યોતિ ઝળકતિ હતી. ધનસાર અને એનો મેળાપ અણધાર્યો હતો. યોગીએ ધનસારને જોયો ને પૂછ્યું.

'તારે ધન જોઇએ છે?'

'હા'

'ચાલ, હું તને અપાવું.'

ધનસાર ખુશ થઇ ગયો. આટલું જલ્દી તેને કોઇક ધન અપાવી દેશે તેવી તો કલ્પના જ નહોતી. પણ ધનની લાલચમાં આફત ન આવી જાય તે માટે તેણે શાસનદેવનું સ્મરણ કરી લીધું. યોગી ગજબ સ્વસ્થ હતો. એની સ્વસ્થતા ધનસારને ચિંતા પ્રેરતી હતી તોય તે ચાલ્યો.

યોગી ધનસારને લઇને એક અંધારી ગુફામાં પ્રવેશ્યો. તેણે કંઇક મંત્રો ઉચ્ચાર્યા.

એ જ પળે સામેથી એક રૂપવતી સ્ત્રી આવી. અપૂર્વ રૂપવંત હતી એ. મોહક અંગપ્રત્યંગ, શુક્રતારક સમાં એનાં નયન, કામદેવની મોહિની પ્રસરાવતી એની દેહ છટા! યોગી તો એને જોઇ જ રહ્યો, એના પર મોહી પડ્યો ને ભોગની યાચના કરી રહ્યો! રૂપવતી સ્ત્રીએ તેને બાળીને ભસ્મ કરી નાખ્યો!

ધનસાર મુંઝાઇને ઊભો હતો. પેલી સ્ત્રી એની નજીક સરીને તેણે કહ્યું.

'પ્રિય! હું તો તને ચાહું છું. પેલો યોગી તો કેવો રાક્ષસ દેખાતો હતો! તું કેવો સુંદર દેખાય છે! આવ મારી નજીક આવ!'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધનસાર સ્થિર ઉભો રહ્યો. એના મુખ પર સંયમની દૃઢતા હતી. એણે હાથ જોડ્યા!

'મા, પરસ્ત્રી મારે માત સમાન છે ને હું પરિણીત છું! હું તમારી નજીક તમારા પુત્ર રૂપે જ આવી શકુ, મા!'

એ ઉત્તરથી ગુફા મઘમઘી રહી. સ્ત્રી પ્રસન્ન થઈ. એણે કહ્યું.

'પ્રિય, હું આ ગુફામાં રહેનારી અંતર દેવી છું. તું આગળ વધ. તને ઇષ્ટ મળશે. જેનામાં પવિત્રતા હોય છે, દેવો તેને સહાય કરે છે.'

ધનસાર આગળ વધ્યો.

એક વિરાટ ભવનના પ્રાંગણમાં કોઇ દેવ-પુરૂષ ખડો હતો. તે ધનસારને જોઇ રહ્યો. અહીં એ પહોંચ્યો શી રીતે?

ધનસાર નજીક સર્યો ને ઝૂકયો!

'હે દેવ! આપને હું નથી જાણતો પણ હું મારો પરિચય કહું. મારું નામ ધનસાર....'

તેણે આગમનના હેતુની સંપૂર્ણ વાત કહી.

એ દેવ પ્રસન્ન મુદ્રામાં હસ્યો.

તેણે કહ્યું,

"ધનસાર! હું દેવ છું. ગયા ભવમાં હું જિનદાસ નામે શ્રાવક હતો, મેં એક જિનમંદિર બંધાવેલું. આજે તું જે જિનમંદિરનો ઉદ્ધાર કરાવી રહ્યો છે તે જ તે જિનમંદિર! મિત્ર, હું તને પુષ્કળ ધન આપું છું. તારું કાર્ય નિર્વિઘ્ને પરિપૂર્ણ થશે."

એ ગુફામાં અનોખી મહેંક પ્રસરી રહી.

ધનસારે નેત્રો બીડી દીધાં. એ જાગૃત થયો ત્યારે રાજગૃહિમાં હતો.

જિનમંદિરનું કાર્ય પણ પૂર્ણ થયું ત્યારે તેને અસીમ આનંદ હતો. સમગ્ર નગર તેની ધર્મ ભાવનાને અભિનંદતું હતું. ધનસારને આત્મકલ્યાણના દરવાજા ઊઘડતા દેખાતા હતા. એણે એક મિત્ર સાથે ગુણસારની પત્નીને સોનાની જીભ મોકલી અને કહેવડાવ્યું!

'મેં એક મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો, પ્રતિષ્ઠા કરાવી શકયો, મને અમાપ ધન મળ્યું એના નિમિત્ત તમે છો. આ ભેટ સ્વીકારજો!'

卐

કંઈ લાખો ચાલ્યા ગયા,
નજર પણ પડતી નથી;
કંઈ લાખો ચાલ્યા જશે,
નજર પણ રડતી નથી.

તારા ઐશ્વર્યનું અભિમાન ન કર,
ઓ માનવ!
અહીં તો સિકંદરશાહ જેવાની,
કબર પણ જડતી નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી વીરચંદ ગાંધી : ત્યારે અને અત્યારે !


**—કુમારપાળ દેસાઇ**

એકસો વર્ષ પહેલાંની ઘટનાનું ધાર્યુંય ન હોય તેમ અણધારી રીતે પુનરાવર્તન થયું !

ઇ. સ. ૧૮૯૩માં શિકાગોમાં યોજાયેલી પ્રથમ વિશ્વધર્મ પરિષદમાં જ્યોર્જ ઓફ પેન્ટેકોસ્ટ નામના પાદરીએ હિંદુ ધર્મને હલકો ચીતરવાની કોશિષ કરી હતી. લંડનથી આવેલા એ પાદરીએ એ પ્રથમ વિશ્વધર્મ પરિષદમાં એમ કહ્યું કે હિંદુ ધર્મના મંદિરો તો રૂપજીવિનીઓનાં ધામ છે. ત્યાં વળી ધર્મ, સચ્ચાઇ અને પવિત્રતાની વાત કેવી ? આ પાદરીની ટીકા દક્ષિણ ભારતમાં ચાલતી દેવદાસીની પ્રથા સામે હતી.

થોડી ક્ષણો તો એ વિશ્વધર્મ પરિષદમાં સન્નાટો છવાઇ ગયો હતો ! એ સમયે ૨૯ વર્ષના યુવાન વીરચંદ રાઘવજી ગાંધીએ ઊભા થઈને કહ્યું કે "ભલે અહીં હું જૈન ધર્મના પ્રતિનિધિ તરીકે આવ્યો હોઉં, પણ જે હિંદુ સમાજમાંથી હું આવું છું એની આવી ટીકા હું કદી સાંખી નહીં લઉં." પછી એમણે કહ્યું કે લંડનના આ પાદરી પાસે ભારત વિષેની કોઇ પ્રત્યક્ષ માહિતી નથી. માત્ર કોઇ બીજાઓ પાસેથી સાંભળેલી 'ફોર્થ-હેન્ડ' માહિતીના આધારે તેઓ આ ટીકા કરી રહ્યા છે.

એ પછી મહુવાના જુવાન વીરચંદ ગાંધીએ એક પછી એક સચોટ દૃષ્ટાંતોથી ભારતીય પુરૂષની ગરિમા અને ભારતીય સ્ત્રીના સચ્ચારિત્ર્યની જોશભરી રજુઆત કરી. વીરચંદ ગાંધીએ કહ્યું કે આ એ હિંદુ ધર્મ છે કે જેને માટે ગ્રીસના ઇતિહાસકારોએ નોંધ્યુ છે કે, "કોઇ હિંદુ ક્યારેય અસત્ય બોલતો જાણ્યો નથી અને કોઇ હિંદુ સ્ત્રીને ક્યારેય અપવિત્ર જાણી નથી."



આટલું કહ્યા બાદ માથે સોનેરી કિનારવાળી પાઘડી, લાંબો ઝભ્ભો, ખભે સુંદર ભરતકામવાળી શાલ વીંટાળનાર યુવાન વીરચંદ ગાંધીએ સામો પ્રશ્ન કરતાં કહ્યું,

"અરે ! ભૂતકાળની વાત જવા દો. આજની વાત કરું તો પણ તમે કહેશો કે ભારતીય સ્ત્રી જેવી ચારિત્ર્યવાન સ્ત્રી અને ભારતીય પુરૂષ જેવો નમ્ર માનવી તમને બીજે ક્યાંય દેખાય છે ખરો ?"

યુવાન વીરચંદ ગાંધીની વિદ્વતા પર સહુ વારી ગયા અને એની વકતૃત્વ છટા પર આફરિન પોકારી ગયા.

બરાબર એકસો વર્ષ બાદ તાજેતરની શિકાગોની વિશ્વધર્મ પરિષદમાં ભારતના ગૌરવને ખંડિત કરવાનો એક પ્રયાસ થયો. આમેય જગતના ચોકમાં ભારત એની વાત રજૂ કરવામાં ઘણું નબળું પૂરવાર થયેલું છે, આથી તો અમેરિકામાં ભારતની વાતને યોગ્ય રીતે રજૂઆત કરે તેવી "લોબી" ઊભી કરવાની આજે જરૂર પડી છે. ભારત વિષે પારાવાર ભ્રાંત ભ્રમણાઓ ફેલાયેલી જોવા મળે છે.

તાજેતરની વિશ્વધર્મ પરિષદનાં આરંભે વાતાવરણમાં એક પ્રકારની ગરમી હતી. ભારતના કાશ્મીર પર કહેવાતા અત્યાચારોના ચોપાનિયાં વહેંચાતા હતા. મોટી સંખ્યામાં આવેલાં પંજાબીઓમાં પણ ક્યાંય કોક ઉગ્રવાદી પેસી ગયા હતા.

વિશ્વધર્મ પરિષદના મહત્વનાં પ્રવચનો શરૂ થયા, ત્યારે એક બે વ્યક્તિઓ અમુક ધર્મના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રતિનિધિ તરીકે વક્તવ્ય આપવા આવી અને ઘણી સિફતથી તેમણે કાશ્મીરની સમસ્યા ઊભી કરવાનો અને ચર્ચવાનો ઉગ્ર પ્રયાસ કર્યો.

ધર્મ પરિષદના મંચ પરથી રાજકીય વાતો થઇ શકે નહીં તેવો સૌથી પહેલો વિરોધ જૈન ધર્મના એક પ્રતિનિધિ અને ભૂતપૂર્વ રાજદૂત એવા એક વિદ્વાને કર્યો. એમને ભય બતાવવામાં આવ્યો પરંતુ તેનાથી ડર્યા કે ડગ્યા વિના એમણે પોતાનો 'પોઇન્ટ ઓફ ઓર્ડર' ચાલુ રાખ્યો. બીજા જૈન પ્રતિનિધિઓ પણ એમના સમર્થનમાં કહેવા લાગ્યા કે કોઇપણ દેશની આંતરિક બાબતની ચર્ચા ધર્મ પરિષદમાં થઇ શકે નહીં વળી, આ કંઇ રાજકીય પરિષદ નથી. એનાં મંચનો આવો દુરુપયોગ થાય નહીં.

સામસામી થોડી ગરમાગરમ દલીલો થઇ. જાનથી મારી નાખવાની ધમકી ઉચ્ચારવામાં આવી, પણ જૈન પ્રતિનિધિઓએ એનો દૃઢતાપૂર્વક સામનો કર્યો. ધર્મ પરિષદને રાજકીય હેતુ માટે ઉપયોગ કરવાના ભારત વિરોધીઓના તમામ પ્રયત્નો નિષ્ફળ ગયા.

એક સદી અગાઉ વિશ્વધર્મ પરિષદમાં વીરચંદ ગાંધીએ ભારતવાસીના ગૌરવ વિષે પ્રભાવશાળી રજૂઆત કરી હતી. ફરી એકવાર ભારતના ગૌરવ કાજે જૈન પ્રતિનિધિઓએ વિશ્વધર્મ પરિષદમાં પ્રયાસ કર્યો.

ભારતમાં એક જ સંપ્રદાય કે ગચ્છ વચ્ચે અનેક તડાં જોવા મળે છે. તિથિ કાજે ઝનૂની ઝઘડા જોવા મળે છે. ત્રણ મહાવીર જયંતિ ઉજવાય છે અને પાંચ સંવત્સરી થાય છે. બીજી બાજુ વિશ્વધર્મ પરિષદમાં સમગ્ર વિશ્વના જૈનોએ "ધી જૈન્સ"ના એક જ બેનર હેઠળ સહુએ સાથે મળીને પ્રતિનિધિત્વ કર્યું. ભારતની શ્રી ભગવાન મહાવીર મેમોરિયલ સમિતિ, ઈંગ્લેન્ડની ઈન્સ્ટિટયુટ ઓફ જૈનોલોજી અને અમેરિકાની ફેડરેશન ઓફ જૈન એસોસિએશન ઇન નોર્થ અમેરિકા (જૈના) ના કાર્યવાહકો એકઠા થયા અને એમણે એક જ બેનર હેઠળ વર્લ્ડ પાર્લામેન્ટમાં જવાનું નક્કી કર્યું. શ્રાવકો મળીને કેવી એકતા સાધી શકે, તે પ્રત્યક્ષ જોવા મળ્યું! અનેકાંતની ભાવનાનું મધુર દર્શન થયું. પાર્લામેન્ટના પ્રારંભે રાજસ્થાની લાલ પાઘડી સાથે પુરૂષ ડેલિગેટો અને માથે કળશ અને શ્રીફળ રાખીને સ્રી ડેલિગેટ સરઘસાકારે વર્લ્ડ પાર્લામેન્ટના મુખ્ય ખંડમાં પ્રવેશ્યા, ત્યારે એક અદ્ભુત દૃશ્યનું નિર્માણ થયું હતું.

આ પ્રસંગે વીરચંદ રાઘવજી ગાંધીના વર્ષોથી અપ્રાપ્ય એવાં ત્રણ પુસ્તકોનું પ્રકાશન થયું તેમ જ પ્રદર્શન ખંડમાં ત્રણ વિશાળ બૂથ એકમાત્ર જૈન ધર્મને આપવામાં આવ્યા હતા. જેમાં ભગવાન મહાવીરની આરસપહાણની મૂર્તિ અને સાધુ-સાધ્વીની મૂર્તિએ એક નવી જ આભા ઊભી કરી. ઝગારા મારતી લાઇટો સાથે જૈન તીર્થો અને જૈન સ્થાપત્યો મૂકવામાં આવ્યા. ભારતમાંથી આચાર્ય શ્રી વિજયચંદ્રોદયસૂરીશ્વરજી મહારાજ તથા પૂ. આ. શ્રી પદ્મસાગરસૂરીશ્વરજી મહારાજના આશીર્વાદથી સાંપડેલી કલાત્મક કૃતિઓ મૂકવામાં આવી. વળી જૈન ધર્મ, જૈન સાહિત્ય, જૈન કળા અને સ્થાપત્ય, તીર્થંકરોનું જીવન, જૈન ઉત્સવો વિગેરેની માર્મિક માહિતી આપતા નાનાં નાનાં અંગ્રેજીમાં લખાયેલા પેમ્ફલેટો મેળવવાનો ધસારો રહ્યો. આ બૂથની સૌથી વધુ મુલાકાતીઓએ મુલાકાત લીધી અને આ ધર્મ વિષે કંઇક જાણ્યા પછી કેટલીય જિજ્ઞાસાભરી પ્રશ્નોત્તરી કરી.

આ વિશ્વધર્મ પરિષદમાં આ પ્રતિનિધિઓ બે દેશના વડાપ્રધાનોના શુભેચ્છા સંદેશ લઇને આવ્યા હતા. ભારતના વડાપ્રધાન નરસિંહરાવ અને બ્રિટનના વડાપ્રધાન જહોન મેજરે પોતાનો આ સંદેશો જૈન ડેલિગેટો મારફત મોકલાવ્યો હતો. વિશ્વધર્મ પરિષદના પ્રારંભે આ કાર્યને શરૂઆતમાં વેગ આપનાર પ્રથમ બાર સંસ્થાઓની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાર્થના રજૂ થઈ, પછી તો આમાં બસો સંસ્થાઓ જોડાઈ હતી. એક સંસ્થા તરીકે ખૂબ મોડેથી જૈન ધર્મ જોડાયો હોવાથી એને આરંભની પ્રાર્થનાઓમાં સ્થાન ન મળ્યું, પરંતુ વિશાળ પાર્કમાં યોજાયેલા ભવ્ય સમાપન-સમારોહમાં દલાઈ લામાની ઉપસ્થિતિમાં મંચ જૈન અગ્રણીઓએ નવકાર મંત્રનો પાઠ કર્યો અને વિશ્વધર્મ પરિષદના કાર્યવાહકોએ લાંબા પ્રયાસને અંતે તૈયાર કરેલા "ગ્લોબલ એથિક્સ"ની ઘોષણાને આશીર્વાદ આપ્યા. હકીકત એ હતી કે આ ઘોષણાનો કેટલોક ભાગ જૈન ડેલિગેટોએ તૈયાર કરેલા ઘોષણા પત્રમાંથી લેવામાં આવ્યો હતો અને એમાં અહિંસા, અનેકાંત જેવા પારિભાષિક શબ્દોનો સાદર ઉલ્લેખ કરવામાં આવ્યો હતો, જેનો અંતિમ ઘોષણાપત્રમાં સમાવેશ કરાયો.

આ વિશ્વધર્મ પરિષદમાં વક્તાઓ તરીકે તો ભારત, અમેરિકા, ઇંગ્લેન્ડ જેવા અનેક દેશોના વિદ્વાનો આવ્યા હતા. એક વિશેષતા એ પણ પ્રગટ થઇ કે કેટલાંક જૈનેતર વિદ્વાનોનો પણ જૈન પ્રવચનકાર તરીકે સમાવેશ કરવામાં આવ્યો હતો. પ્રખર ગાંધીવાદી વિચારક લાડનું યુનિવર્સિટીના કુલપતિ ડૉ. રામજી સિંઘ જૈન નથી, છતાં તેરાપંથ સંપ્રદાયે સવાઇ જૈન કહીને એમને પ્રતિનિધિત્વ કરવા મોકલ્યા હતા, તો ફ્રાન્સમાં રહીને જૈન ધર્મનો અભ્યાસ કરનાર અને જૈન ઉત્સવો પર પી.એચ.ડી. મેળવનાર ડૉ. નલિની બલવીર પણ હતા. જૈન પ્રતિનિધિઓના આગેવાન તરીકે વિખ્યાત બંધારણવિદ ન્યાયશાસ્ત્રી અને ભારતના બ્રિટન ખાતેના હાઈ કમિશ્નર ડૉ. એલ. એમ. સિંઘવી હતા. એમના જેવા કેટલા સાધુ કે સાધ્વી, વિદ્વાન કે વેપારી સહુ કોઈ એક થયા હતા.

વળી, જૈનધર્મ વિશે ૩૭ જેટલા વક્તાઓએ વક્તવ્ય આપ્યા એમાં ૯ જેટલા વક્તાઓ તો વિદેશમાં ભારતીય સંસ્કૃતિ અને જૈનદર્શનનો વિદેશી યુનિવર્સિટીમાં અભ્યાસ કરાવતા વિદ્વાનો હતા. આ ઘટના આયોજકોની વ્યાપક દૃષ્ટિ સૂચવતી હતી. વિશિષ્ટ ઘટના એ કહેવાય કે આમાંના કેટલાક વિદ્વાનો તો પોતાના રોજીંદા જીવનમાં પણ જૈન ધર્મનું પાલન કરે છે. "અહિંસા" નામની ફિલ્મ તૈયાર કરનાર માઇકલ ટોબાયસ પોતાની જાતને જૈન ગણવામાં ગૌરવ માને છે. એણે બારેક જેટલી ફિલ્મોનું નિર્માણ અને દિગ્દર્શન કર્યું છે. આ ફિલ્મો વીસેક દેશમાં દર્શાવાઇ છે. સત્તર જેટલાં પુસ્તકોના લેખક માઇકલ ટોબાયસ "જૈન ધર્મ અને પર્યાવરણ" પર મંત્રમુગ્ધ કરનારું વક્તવ્ય આપી ગયા. કેલિફોર્નિયા યુનિવર્સિટીમાં ઇતિહાસ અને તુલનાત્મક ધર્મોના વિદ્વાન ડૉ. નેઓલ કિંગ પશ્ચિમની નજરે એમને લાગતી જૈન ધર્મની વિશેષતાઓ દર્શાવી ગયા. કેનેડાના ટોરેન્ટો શહેરના ઇરિના ડેપેનિકસ અને માઇકલ ફૂટ ધ્યાન અને યોગના અભ્યાસી હોવા ઉપરાંત ચુસ્તપણે જૈન ધર્મ પાળે છે અને ટોરેન્ટોમાં જૈન-ધ્યાનકેન્દ્રનું સંચાલન કરે છે. એમણે શાકાહારની વિશેષતા દર્શાવતાં માર્મિક વક્તવ્યો આપ્યાં.


વિશ્વધર્મ પરિષદમાં આપણી સંસ્કૃતિને દર્શાવતા ગરબાઓ પણ રજૂ થયા.

આખોય ધર્મ પરિષદનો અહેવાલ તૈયાર થઇ રહ્યો છે, ત્યારે એટલી અપેક્ષા જાગે કે જે ધર્મ પાસે આટલું મહાન દર્શન છે, આવી ભવ્ય ભાવનાઓ છે, આવતીકાલના વિશ્વને ઉપયોગી એવું અખૂટ માર્ગદર્શન જેની પાસે છે, એ ધર્મ અહમ, પ્રશંસા, પરિગ્રહ અને મતાંધતામાંથી બહાર આવીને પોતાનો પ્રકાશ બીજાને આપશે ખરો ?

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir





# સંથારો-એક અભિગમ

અરુણભાઈ જોષી
પ્રાધ્યાપક : અર્ધમાગધી
શામળદાસ કોલેજ, ભાવનગર

(તા. ૨૦-૩-૯૪ના રોજ બોતેર જિનાલય (કચ્છ) મુકામે જૈન સાહિત્ય સમારોહમાં વંચાયેલ અને આકાશવાણી ભુજ ઉપરથી પ્રસારિત થયેલ વાર્તાલાપ)

આત્મા જ્યારે દેહનો ત્યાગ કરે છે ત્યારે 'મરણ' થાય છે, પ્રત્યેક દેહધારી માટે મરણ અવશ્ય ભાવી છે. '**ઉત્તરાધ્યયન સૂત્ર**' માં મરણના બે પ્રકારો નિર્દિષ્ટ થયેલા છે તે મુજબ અજ્ઞાની જીવોનું અકાળમરણ વારંવાર થાય છે, પણ પંડિતોનું સકાળમરણ એક જ વાર થાય છે અને તે ઉત્કૃષ્ટ પ્રકારનું ગણાય છે. (પં. ૨)

સંથારાનો સંબંધ અજ્ઞાની જીવોના અકાળ-મરણ સાથે નથી. સંથારો શબ્દ વ્યુત્પત્તિની દૃષ્ટિએ જોઈએ તો 'સંસ્તારક' શબ્દમાંથી નીકળેલ છે. તૃણ શય્યાને 'સંસ્તારક' અથવા સંથારો કહેવામાં આવે છે અને સંથારાનો સંબંધ પંડિત વ્યક્તિઓના સકાળમરણ સાથે છે. આગામી સમયને સમજીને પંડિત સ્વયં પોતાનો મૃત્યુકાળ નિશ્ચિત કરે છે અને આ પ્રક્રિયાને કાર્યાન્વિત કરવા માટે તૃણશય્યા બિછાવીને આહારાદિનો ત્યાગ કરીને આત્મધ્યાન રત થઈ દેહ ત્યાગ કરે છે. આ પ્રક્રિયાને સંથારો કહેવામાં આવે છે.

જ્યારે ઉપાસકને અનુભવ થાય છે કે હવે દેહ અશક્ત થયો છે, દીક્ષાધર્મનું પાલન કરવાની શક્તિ પોતાના દેહમાં રહી નથી ત્યારે શરીરની આસક્તિ છોડીને તે આહારાદિનો ત્યાગ કરે છે અને સ્વેચ્છાએ મૃત્યુનું આલિંગન કરે છે. તે મરણ પ્રાપ્ત થાય ત્યાં સુધી સ્મૃતિયુક્ત અને સમાધિપરાયણ રહે છે. કાકા સાહેબ કાલેલકરે જણાવ્યું છે કે આવો ઉપાસક મરણ અચાનક આવીને ગ્રસિત કરી જાય એવી દયનીય અવસ્થામાં રહેવાનું પસંદ કરતો નથી.

આવા મરણમાં શરીર અને કષાયોને કૃશ કરવામાં આવે છે તેથી તેને 'સંલ્લેખના' પણ કહેવામાં આવે છે. આવા પ્રકારના મરણને વિદ્વાનો પ્રશંસાની નજરે નિહાળે છે તેથી તેને 'પંડિત-મરણ' પણ કહેવામાં આવે છે. આ પ્રક્રિયામાં મરણનો સ્વીકાર પ્રસન્નતાપૂર્વકનો હોય છે તેથી તેને 'સકામ-મરણ' પણ કહેવામાં આવે છે.

આ પ્રકારના સ્વેચ્છા પ્રાપ્ત મરણને આપણે આપઘાત કહી શકીએ નહીં. આપઘાત અથવા આત્મહનન કરનાર માણસ ભય કે દુઃખથી પ્રેરિત થઈને જીવનનો અંત લાવે છે. તેમાં પ્રસન્નતા-પૂર્વક મૃત્યુનું સ્વાગત કરવાનો ભાવ નથી. આપઘાતની પાછળ હતાશા, અસંતોષ અથવા અસહનશીલતાનો ભાવ છુપાયેલ છે જ્યારે સંથારામાં તૃપ્તિ, સંતોષ અને પ્રસન્નતાનો ભાવ છુપાયેલ છે. સંથારો પ્રાપ્ત કરનાર મૃત્યુથી ડરતો નથી. આપઘાત કરવાથી તો દુર્ગતિ પ્રાપ્ત થાય છે એમ આપણી માન્યતા છે, જ્યારે સંથારો કરવાથી શુભધ્યાનમાં વૃદ્ધિ થાય છે અને મોક્ષપ્રાપ્તિની પ્રક્રિયા તીવ્ર ગતિવાળી બને છે. સંથારો કરનાર વારંવારની જન્મમરણ પ્રાપ્ત કરવાની પરંપરામાંથી મુક્ત થઈ જાય છે; તેનાં બધાં જ દુઃખોનો અંત આવે છે. તેનાં બધાં કર્મોનો ક્ષય થતાં તે મોક્ષ મેળવે છે. જો કોઈ કારણવશ બધાં કર્મોનો ક્ષય ન થયો હોય તો તે મહાસમૃદ્ધિ યુક્ત દેવપર્યાયને પ્રાપ્ત કરે છે.

For Private And Personal Use Only

સંથારો અથવા સમાધિમરણ સાધના-માર્ગનું શ્રેષ્ઠ લક્ષ્ય છે અને તે માટે જિનવચનમાં અપાર શ્રદ્ધા હોવી અનિવાર્ય છે. સંથારાની પ્રક્રિયાને સફળ બનાવવા માટે કામચેષ્ટા પ્રદર્શિત કરનારી કંદર્પભાવના, વશીકરણ કરનારી અભિયોગભાવના, ગુરુનિન્દા કરનારી કિલ્બિષિકીભાવના, હિંસા કરાવનારી મોહભાવના અને ક્રોધ કરાવનારી આસુરીભાવનાનો ત્યાગ કરવો જોઇએ.

સંથારાને આપણે અનશનરૂપ તપવિશેષ પણ કહી શકીએ. આ તપની આવશ્યકતા એટલા માટે માનવામાં આવેલ છે કે તેમાં પૂર્ણવિરતિની અવસ્થાનો ગર્ભિત અર્થ સમાયો છે. સથારો એ આત્મબળનો પરિચાયક છે. જાતે જ પોતાના મસ્તકનો છેદ કરવાની પ્રક્રિયા એટલે કે 'કમળ પૂજા' સંથારા કરતાં ભિન્ન ગણાય છે કારણકે કમળપૂજામાં રાગજન્ય આસક્તિ-યુક્ત અભિલાષા સમાવિષ્ટ રહે છે. સંથારામાં એવી કોઇ દુન્યવી મહેચ્છા રહેલી નથી.

સંક્ષેપમાં કહી શકાય કે મરણપર્યંત કર્તવ્યપથથી ભ્રષ્ટ થયા વગર આહાર-પાન આદિનો સ્વેચ્છાએ ત્યાગ કરીને આત્માના શુદ્ધ સ્વરૂપનું ચિંતન સંથારાનું ચરમ લક્ષ્ય છે.

પ્રાચીનકાળમાં પણ ભગવાન મહાવીરના ભક્તો તથા ઉપાસકો જેવા કે આનંદ, કામદેવ, સુરાદેવ વિગેરેએ સંથારાનો માર્ગ સ્વીકારેલો. તેમને ઉપદેશ આપતાં મહાવીર સ્વામીએ જણાવેલું કે અંતિમ સલ્લેખનાનો સ્વીકાર કરનારે કોઇને સત્ય હોય તો પણ અપ્રિય વચન કહેવું ન જોઇએ અને ક્રોધ કરવો જોઇએ નહીં. અર્વાચીન કાળમાં પણ સંથારો કરનાર સાધકોનો આવિર્ભાવ થયા કરે છે. નિર્મળ વ્યક્તિત્વ ધરાવનાર પ્રભાવશાળી વક્તા, નિસ્પૃહ યોગી, શ્રદ્ધેય ઉપાધ્યાય પૂજ્ય ગુરુદેવ શ્રી પુષ્કર મુનિ મહારાજશ્રી તથા પરમપૂજ્ય મહાસતીજી આ બાબતના જ્વલંત દૃષ્ટાંતો છે. 卐

## આધ્યાત્મિક આનંદ

( પુનઃ મુદ્રણ )

અનંતરાય જાદવજી શાહ

દુનિયામહીં વાતો ઘણી, ચર્ચા થકી સમજાય ના;
ચર્ચા બહુ કરવા છતાં, પાર કાંઇ પમાય ના.

લાડુ અને મિષ્ટાન્નની, વાતો કર્યેથી શું વળે?
વાતો કરો મોટી ભલે, પણ સ્વાદ શું તેથી મળે?

એવી રીતે અધ્યાત્મની, ચર્ચા કર્યેથી શું વળે?
અધ્યાત્મનો આનંદ કૈં, ચર્ચા કર્યેથી ના મળે.

અધ્યાત્મના આનંદને, વાણી વર્ણવી ના શકે;
અધ્યાત્મનો આનંદ માણે, તે જ તે જાણી શકે.

અધ્યાત્મમય જીવન જીવો, અધ્યાત્મસુખને જાણવા;
અધ્યાત્મમય જીવન જીવો, અધ્યાત્મસુખને માણવા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર મન્દિર

હરિદ્વાર ( ઉત્તર-પ્રદેશ )

હરદ્વારની પવિત્ર ભૂમિ ઉપર શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ ભગવાનનું દેરાસર તેમજ ઉપાશ્રય, ધર્મશાળા અને ભોજનશાળા બનાવવાની મહત્વાકાંક્ષી યોજના ૧૯૯૦-૯૧ ના વર્ષમાં બનાવવામાં આવી હતી. આ યોજનાને સાકાર બનાવવા માટે બે અલગ અલગ ટ્રસ્ટો નીચે મુજબ સ્થાપવામાં આવેલા છે.

**( ૧ ) શ્રી ચિન્તામણિ પાર્શ્વનાથ જૈન શ્વેતાંબર મંદિર ટ્રસ્ટ** ( દેરાસર માટે )

**( ૨ ) વિશ્વ કલ્યાણ આત્મ જૈન ફાઉન્ડેશન** ( ધર્મશાળા વિગેરે માટે )

આ ટ્રસ્ટોના ટ્રસ્ટીઓ તથા વ્યવસ્થાપક સમિતિના સભ્યોની પસંદગી સમસ્ત દેશમાંથી કરવામાં આવી છે.

ગંગા જેવી પવિત્ર નદીના કિનારે હરિદ્વાર જેવા પુણ્યવંત તિર્થધામમાં એક મહત્વપુર્ણ જૈન તીર્થધામ આકાર લઇ રહ્યું છે,

નવિન જૈન તિર્થધામ રૂપ વિકાસ પામી રહેલ બદ્રીનાથ, ઋષિકેશ તેમજ હિમાલયની ગોદમાં આવેલ અન્ય તિર્થધામોના દર્શનાર્થે આવતા યાત્રાળુઓએ ઉપરોક્ત નૂતન જિનાલય સંકુલમાં સવિશેષ રૂચિ દેખાડી છે.

આ તિર્થ નિર્માણ સંબંધમાં પુરી જમીન લગભગ એક એકર છે. આ યોજના સાથે અનેક રીતે સંકળાયેલ દરેક વ્યક્તિ તેમજ કાર્યકરોના ઉત્સાહ તથા મુલાકાત-દર્શનાર્થે પધારતા યાત્રાળુઓના પ્રોત્સાહનને જોતાં, વિશેષ જમીન ખરીદવાની ગોઠવણ કરી રહ્યા છીએ. સંપૂર્ણ યોજના સંબંધી નકરાનું લીસ્ટ તૈયાર થયેલ છે.

આ યોજનામાં અનેક આચાર્ય ભગવંતો, પન્યાસજી મહારાજો તેમજ મુનિ ભગવંતોના શુભ આશીર્વાદ મળેલા છે તેમજ વિશેષ વિશેષ મળી રહ્યા છે.

દેરાસરનું બાંધકામ તીવ્ર ગતિથી ચાલી રહ્યું છે. વ્હેલાસર નિશ્ચિત સમયમાં બાંધકામ પુરૂં કરવા ટ્રસ્ટીઓ કૃતસંકલ્પ છે. સાલ ૧૯૯૫ની શરૂઆતમાં પ્રતિષ્ઠા મહોત્સવ યોજવા ટ્રસ્ટીઓને કટીબદ્ધ છે. આ માટે અનેક સ્થાનોથી દાનરાશીના પ્રવાહથી ભંડોળ એકઠું થઇ રહ્યું છે. ધર્મશાળા / ભોજનશાળાનું બાંધકામ ચાલી રહ્યું છે. તા. ૨૫-૧૧-૯૩ ના રોજ તેનું વિધિસર ઉદ્દઘાટન થયું છે.

**આજનો સંકલ્પ ....**

આજની પળે મનથી નક્કી કરીએ કે....
માસણ તરીકે જન્મ્યા છીએ તો
માણસ બનીને જ જીવીએ....અને
સમાજમાં પ્રવર્તતો માણસાઇનો દુષ્કાળ દૂર કરીએ....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# 卐 કલ્યાણક પર્વ દિવસો 卐

## ફાગણ માસ

| | | | |
|---|---|---|---|
| શુદિ | ૨ | શ્રી અરનાથ ભગવાન | ચ્યવન કલ્યાણક |
| શુદિ | ૪ | શ્રી મલ્લીનાથ ભગવાન | ચ્યવન કલ્યાણક |
| શુદિ | ૮ | શ્રી સંભવનાથ ભગવાન | ચ્યવન કલ્યાણક |
| શુદિ | ૧૨ | શ્રી મલ્લીનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| શુદિ | ૧૨ | શ્રી મુનિસુવ્રતસ્વામી ભગવાન | દિક્ષા કલ્યાણક |
| વદિ | ૪ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | ચ્યવન કલ્યાણક |
| વદિ | ૪ | શ્રી પાર્શ્વનાથ ભગવાન | કેવળજ્ઞાન કલ્યાણક |
| વદિ | ૫ | શ્રી ચંદ્રપ્રભુસ્વામી ભગવાન | ચ્યવન કલ્યાણક |
| વદિ | ૮ | શ્રી રૂષભદેવ ભગવાન | જન્મ કલ્યાણક |
| વદિ | ૮ | શ્રી રૂષભદેવ ભગવાન | દિક્ષા કલ્યાણક |

## ચૈત્ર માસ

| | | | |
|---|---|---|---|
| શુદિ | ૩ | શ્રી કુંથુનાથ ભગવાન | કેવળજ્ઞાન કલ્યાણક |
| શુદિ | ૫ | શ્રી અજીતનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| શુદિ | ૫ | શ્રી સંભવનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| શુદિ | ૫ | શ્રી અનંતનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| શુદિ | ૯ | શ્રી સુમતિનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| શુદિ | ૧૧ | શ્રી સુમતિનાથ ભગવાન | કેળજ્ઞાન કલ્યાણક |
| શુદિ | ૧૩ | શ્રી મહાવીરસ્વામી ભગવાન | જન્મ કલ્યાણક |
| (આ વખતે ૧૨/૧૩ ભેગા છે. શુદિ ૧૨ શનીવારના દિવસે જન્મ કલ્યાણક મહોત્સવ ઉજવાશે) | | | |
| શુદિ | ૧૫ | શ્રી પદ્મપ્રભુસ્વામી | કેવળજ્ઞાન કલ્યાણક |
| વદિ | ૧ | શ્રી કુંથુનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| વદિ | ૨ | શ્રી શીતળનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| વદિ | ૫ | શ્રી કુંથુનાથ ભગવાન | દિક્ષા કલ્યાણક |
| વદિ | ૬ | શ્રી શિતલનાથ ભગવાન | ચ્યવન કલ્યાણક |
| વદિ | ૧૦ | શ્રી નમિનાથ ભગવાન | મોક્ષ કલ્યાણક |
| વદિ | ૧૩ | શ્રી અનંતનાથ ભગવાન | જન્મ કલ્યાણક |
| વદિ | ૧૪ | શ્રી અનંતનાથ ભગવાન | કેવળજ્ઞાન કલ્યાણક |
| વદિ | ૧૪ | શ્રી કુંથુનાથ ભગવાન | જન્મ કલ્યાણક |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



● કલ્યાણક દિવસની મહત્તા એ છે કે તે દિવસે નારકીમાં અસહ્ય દુઃખ ભોગવી રહેલ જીવો આનંદ પામે છે.

● શ્રાવકનું કર્તવ્ય છે કે પ્રતિદિન સવારે આજે કયો કલ્યાણક દિવસ છે? અને મારે શું આરાધના કરવી? તે વિચારવું.

## જે દિવસે

| | | |
|---|---|---|
| એક | કલ્યાણક હોય ત્યારે | એકાસણું.... |
| બે | કલ્યાણક હોય ત્યારે | આયંબીલ.... |
| ત્રણ | કલ્યાણક હોય ત્યારે | એકાસણું તથા ઉપર આયંબીલ.... |
| ચાર | કલ્યાણક હોય ત્યારે | ઉપવાસ.... |
| પાંચ | કલ્યાણક હોય ત્યારે | ઉપવાસ અને ઉપર એકાસણું.... |

**જાપ : ૨૦ નવકારવાળી, પદમાં પ્રભુનું નામ ———— જોડવું.**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | ચ્યવન | કલ્યાણકે | ૐ હ્રીં શ્રી | ———— | પરમેષ્ઠિને નમઃ |
| ૨ | જન્મ | કલ્યાણકે | ૐ હ્રીં શ્રી | ———— | અર્હતે નમઃ |
| ૩ | દિક્ષા | કલ્યાણકે | ૐ હ્રીં શ્રી | ———— | નાથાય નમઃ |
| ૪ | કેવળજ્ઞાન | કલ્યાણકે | ૐ હ્રીં શ્રી | ———— | સર્વજ્ઞાય નમઃ |
| ૫ | મોક્ષ | કલ્યાણકે | ૐ હ્રીં શ્રી | ———— | પારંગતાય નમઃ |

**વિધિ : ૧૨ લોગસ્સનો કાઉસગ્ગ, ૧૨ સાથીયા, ઉપર ફળ, નૈવેદ, ૧૨ ખમાસમણા.**

## ખમાસમણનો દુહો

પરમ પરમેષ્ઠિમાં પરમેશ્વર ભગવાન;
ચાર નિક્ષેપે ધ્યાઇએ, નમો નમો શ્રી જીન ભાણ.

## ભેટ પુસ્તક

આપણી સભા દ્વારા પ્રકાશીત કરવામાં આવેલ પુસ્તક

**"શ્રી શત્રુંજયગિરિરાજ દર્શન"**

આ વર્ષે આપણી સભાના દરેક પેટ્રન તથા લાઇફ મેંબરોને ભેટ આપવાનું નક્કી કરેલ છે.

સ્થાનિક સભ્યોએ સભા ઉપરથી આ ભેટ પુસ્તક મેળવી લેવા વિનંતી.

બહારગામના પેટ્રન તથા લાઇફ મેંબરોને વિનંતી કે તેઓના હાલના પુરા સરનામા સાથે ટપાલ લખવાથી ટપાલ દ્વારા મોકલવામાં આવશે.

આ પુસ્તક ગિરિરાજ સંબંધિ સંપુર્ણ માહિતી સાથેનું છે અને સૌ મેંબરોને ખુબ જ ઉપયોગી થશે. ગિરિરાજની યાત્રા વખતે આ પુસ્તક સાથે રાખી પુર્વજોએ બંધાવેલ ચૈત્યો આદિનો ઇતિહાસ જાણી વિધિપુર્વક તીર્થયાત્રા કરી જીવન સફળ બનાવે એ જ શુભ ભાવના....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી જૈન આત્માનંદ તરફથી યોજાયેલ મેમ્બર સાહેબોનો મહા માસ તથા ચૈત્ર માસનો પાલીતાણા–સિદ્ધગીરી યાત્રા પ્રવાસ

## શ્રી મહા માસની યાત્રા પ્રવાસના દાતાઓ

(૧) શેઠશ્રી વનમાળીદાસ ગોરધનદાસ શાહ
(૨) શેઠશ્રી પોપટલાલ રવજીભાઇ સલોતના ધર્મપત્ની શ્રીમતી હસુમતીબેન
(૩) શેઠશ્રી ખીમચંદ પરશોત્તમદાસ શાહના ધર્મપત્ની હરકોરબેન જેરાજભાઇ શાહ
(૪) શેઠશ્રી હઠીચંદ ઝવેરભાઇ શાહના ધર્મપત્ની હેમકુંવરબેન ( શ્રી ભૂપતરાય નાથાલાલ શાહ )
(૫) શેઠશ્રી કાન્તિલાલ રતીલાલ સલોત તથા કુમારી વનિતાબેન કાન્તિલાલ સલોત

## શ્રી ચૈત્ર માસની યાત્રા પ્રવાસના દાતાઓ

(૧) શેઠશ્રી સાકરચંદ મોતીલાલ મુળજીભાઈ શાહ
(૨) શેઠશ્રી કપુરચંદ હરીચંદ ( માચીસવાળા ) હ. તેમના ધર્મપત્ની અ. સૌ. અનોપબેન
(૩) શેઠશ્રી વૃજલાલ ભીખાભાઇ શાહ ( દલાલ )
(૪) શેઠશ્રી નાનચંદભાઇ તારાચંદભાઇ સ–પરિવાર
(૫) શેઠશ્રી બાબુલાલ પરમાણંદદાસ શાહ સ–પરિવાર

ઉપરોક્ત ગૃહસ્થોના ઉત્તમ સહકારથી આપણી સભાના મેમ્બરોનો મહા માસ તથા ચૈત્ર માસનો સંયુક્ત પ્રવાસ યોજવામાં આવેલ. સં. ૨૦૫૦ ના ફાગણ વદ ૦)) અમાસ રવિવાર તા. ૧૦–૪–૯૪ તથા ચૈત્ર શુદ ૧ સોમવાર તા. ૧૧–૪–૯૪ ના રોજ સભા તરફથી, શત્રુંજય તીર્થમાં ડુંગર ઉપર શ્રી દાદાની ટુંકમા રંગ મંડપમાં પૂજા ભણાવવામાં આવી હતી અને સભાના મેમ્બરો સારી એવી સંખ્યામાં હાજર રહ્યા હતા અને સભ્યોનું સ્વામિવાત્સલ્ય તથા પરમ પૂજ્ય ગુરૂ ભગવંતો તથા પ. પૂ. સાધ્વીજી મહારાજ સાહેબની ભક્તિનો સારો લાભ લીધો હતો.

## મૃત્યુ જરૂરી....

જેનું સર્જન, તેનો વિનાશ એ ઠોસ સત્ય છે....

જે જન્મે તેનો નાશ જ ન થાય, કોઈ મૃત્યુ જ ન પામે....

દાદા–પુત્રો–પૌત્રો વિ. કોઇ આ જગત છોડીને જાય નહીં તો આ પૃથ્વીનું શું થાય તેની કલ્પના તો કરો !....કલ્પના કરતા જ ધ્રુજારી છૂટી જાય....

મૃત્યુ છે એટલે જ જીવન જીવવાનો આનંદ છે. જીવનના મૃત્યુમય પરિવર્તનથી જ માણસ બોધપાઠ લઇ સત્કર્મ થકી ઉચ્ચ જીવન જીવવા માટે નીતિમય, સાચું અને સારૂં જીવન જીવવા પ્રેરાય છે....

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સભાના માનવંતા નવા પેટ્રન સભ્યશ્રી ( અનુસંધાન ટાઈટલ પેઈજ ૨ થી શરૂ )

૧૧ ,, શૈલેષભાઈ હીંમતલાલ કોઠારી મુંબઈ
૧૨ ,, જયંતિભાઈ એમ. શાહ મુંબઇ
૧૩ ,, દામજીભાઇ કુંવરજીભાઈ છેડા મુંબઈ
૧૪ ,, શાન્તિલાલ લાલચંદભાઈ ( હારીજવાળા ) ભાવનગર

સભાના નવા આજીવન સભ્યશ્રીઓ...

૧ શ્રી કીશોરભાઇ ચંપકલાલ મહેતા મુંબઈ
૨ ,, કીરીટકુમાર અમુલખરાય શાહ ભાવનગર
૩ ,, અનંતરાય મગનલાલ વોરા ભાવનગર
૪ શ્રીમતિ નિર્મળાબેન અનંતરાય વોરા ભાવનગર
૫ શ્રી નરેન્દ્રકુમાર દુર્લભદાસ શાહ ભાવનગર
( કાળાવદરવાળા )
૬ શ્રીમતિ ધીરજબેન નરેન્દ્રકુમાર શાહ ભાવનગર
( કાળાવદરવાળા )
૭ શ્રી હસમુખરાય જયંતિલાલ શાહ ભાવનગર

"સ્વસ્વરૂપનું વારંવાર અનુસંધાન રાખી પ્રસન્ન રહેશો. શત્રુનું પણ શ્રેય ઇચ્છવું તે સાધકનો ધર્મ છે, માટે તેઓનું ભલું થવામાં ભાગ લેવાય તો લેજો, નહિ તો તેમના વિરૂદ્ધ તેમનું અશ્રેય થાય તેમાં બની શકે તો મનથી પણ ભાગ ન લેશો. નીડર રહી કામ કર્યે જવું. વ્યવહારમાં સુખદુઃખ ઉપજાવનારા બનાવ બને છે, તેમાં સમવૃત્તિ રાખવી એ જ યોગ્ય છે. કાળે કરીને સત્યનો જ જય છે".

—મહાત્મા શ્રી નથુરામ શર્મા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Shree Atmanand Prakash Reg. No. GBV. 31

## લક્ષ્મીને પણ સૂંઘીને લેતાં શીખીએ.....

આપણે બજારમાં ઘી, તેલ, કેરી કે અગરબત્તી લેવા જઇએ છીએ ત્યારે લેતાં પહેલાં સૂંઘીએ છીએ. માટલાં લેવા જઇએ તો પણ ટકોરા મારી મારીને ખરીદીએ છીએ તેને જ ઘરમાં લાવીએ છીએ, પણ આપણે આપણા ઘરમાં જે કંઇ લક્ષ્મી લાવીએ છીએ તેને નથી સૂંઘતા, નથી ચકાસતા કે નથી ટકોરા મારતા! એ તો ગમે તેટલી ગમે ત્યાંથી, ગમે તે રીતે આવી હોય કશો વાંધો જ નહીં!

વસ્તુતઃ એક એક કણની જેમ એક એક પૈસો જે કમાઇએ તેને પૂછતાં શીખો કે તે ક્યાંથી, કેવી રીતે આવ્યો? નીતિથી, પ્રમાણિકતાથી, ધર્મથી આવેલો છે કે કેમ એ સૂંઘતાં શીખો. જે કમાયા તે ચપ દઇને ઘરમાં ન લાવીએ તો, સુખ જ સુખ થઇ જશે....

—શ્રી રવિશંકર મહારાજ

BOOK-POST

પ્રતિ,

From,
શ્રી આત્માનંદ પ્રકાશ
દે. શ્રી જૈન આત્માનંદ સભા
ખારગેઈટ, ભાવનગર-૩૬૪૦૦૧

તંત્રી : શ્રી પ્રમોદકાન્ત ખીમચંદ શાહ
પ્રકાશક : શ્રી જૈન આત્માનંદ સભા, ભાવનગર
મુદ્રક : સાધના મુદ્રણાલય, દાણાપીઠ પાછળ, ભાવનગર

For Private And Personal Use Only